# માધ્યમિક શાળાનાં સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ

ડૉ. પ્રભાત એમ. કાસરા
શ્રી પ્રિતમ હાઈસ્કુલ પાસે, સંદેસર

**સારાંશ**

*શિક્ષણ સુધારણા માટે રોજબરોજ અનેક કાર્યક્રમો થતા રહે છે. છતાં પણ શિક્ષણનું સ્તર દિન–પ્રતિદિન નીચું જતું જાય છે. શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા સરકાર નીત–નવીન પ્રયોગો હાથ ધરે છે. શિક્ષણમાં નૂતન પ્રવાહોનો સંચાર થઈ રહ્યો છે. તેવા સમયે શિક્ષણની ગુણવત્તા ખાસ કરીને પ્રાથમિક કક્ષાએ, માધ્યમિક કક્ષાએ નીચી જતી જોવા મળે છે. પાયાનું શિક્ષણ નિમ્ન બનતું જાય છે. બદલાતી જતી શિક્ષણની તરાહો બાળકોને માફક આવે તેવું કોઈ ચોક્કસ માપદંડ નથી. કયારેક બાળક ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચી જાય પરંતુ જે પાયાનું શિક્ષણ હોય તેમાં તે નબળો રહી જાય તે શકય છે. જેમ કે વાંચન અર્થગ્રહણ ક્ષમતા એ શાળાકીય ભાગ છે. પ્રાથમિક શાળામાંથી પસાર થઈને માધ્યમિક કક્ષાએ પ્રવેશ મેળવે છે. જેમાં ઘણા વિદ્યાર્થીઓ એવા હોય છે કે જે જેમની વાંચન અર્થગ્રહણ ક્ષમતામાં કચાશ જોવા મળે છે. આથી સંશોધકે આ સંશોધન હાથ ધરેલ છે. જે અંતર્ગત આણંદ જિલ્લાની માધ્યમિક શાળાના ધોરણ ૦૮ સંસ્કૃત વિષયના ૨૦૦ વિદ્યાર્થીઓના નમૂના તરીકે સહેતુક પદ્ધતિથી લેવામાં આવ્યા હતા. સંશોધનના તારણમાં છોકરાઓ કરતાં છોકરીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા વધુ જોવા મળી હતી.*

---

**ચાવીરૂપ શબ્દો :** *વાચન, અર્થગ્રહણ ક્ષમતા*

---

## ૧.પ્રસ્તાવના

અભ્યાસનો મુખ્ય હેતુ ઉચ્ચ માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના વાંચન અર્થગ્રહણને જાણવાનો છે. વાંચન કૌશલ્યનો અર્થ ગ્રહણાત્મક છે. વાંચન દ્વારા ભાષામાં વ્યકત થયેલા અર્થને ગ્રહણ કરે, સમજે પોતાની ભાષા વધુ સારી રીતે શીખે, સુધારે વિકસાવી શકે છે. પ્રજા જાગૃતિના કારણે આજે શિક્ષણમાં વિદ્યાર્થીઓનો ઝોક (પ્રવાહ) વધ્યો છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણની ભૂખ જાગી છે. પરંતુ વિદ્યાર્થીઓમાં વાંચન ટેવો ઘટતી જાય છે. વિદ્યાર્થીઓનું વાંચન સિમિત બનતું જાય છે. તેઓ જે વાંચન ટેવો ઘટતી જાય છે. વિદ્યાર્થીઓનું વાંચન સિમિત બનતું જાય છે. તેઓ જે વાંચન કરે છે તેનો અર્થગ્રહણ કરી શકે છે કે નહીં તે જાણવા સંશોધક દ્વારા આ સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. આ સંશોધનની વિદ્યાર્થીઓ સંસ્કૃતભાષાને સરળતાથી સમજી શકે, જટીલ, કઠિન વિષયવસ્તુને સમજી શકે. જે વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણમાં નબળા હોય તેમનું અર્થગ્રહણ ક્ષમતા વધી શકશે.

## ૨.સંશોધનના હેતુઓ

૧.માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ કરવો.
૨.માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતા કસોટીની રચના કરવી.
૩.માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓની જાતિના આધારે વાચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ કરવો.
૪.માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓની સંસ્કૃત વાચન અર્થગ્રહણ ક્ષમતા પર શૈક્ષણિક સિદ્ધિની અસર તપાસવી.

Vol. 6, Issue: 7, July: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

**૩.સંશોધનની ઉત્કલ્પનાઓ**

$Ho_1$માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓએ વાચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓએ વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયની ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી વિદ્યાર્થીનીઓ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી વિદ્યાર્થીનીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$માધ્યમિક શાળાના સંસ્કૃત વિષયના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા છોકરાઓ અને છોકરીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૪.વ્યાપવિશ્વ**

આ સંશોધનના સંદર્ભમાં આણંદ જિલ્લાની માધ્યમિક શાળાઓના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા હતા.

**૫.નિદર્શ**

અભ્યાસ યોજનાને લક્ષમાં રાખીને વ્યાપવિશ્વમાંથી આણંદ જિલ્લાની સાત માધ્યમિક શાળાના ધોરણ–૮ના સંસ્કૃત વિષયના ૨૦૦ વિદ્યાર્થીઓનો સહેતુક પદ્ધતિ વડે યોગ્ય રીતે નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**૬.સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

સ્વતંત્ર ચલ–જાતીયતા
–શૈક્ષણિક સિદ્ધિ
પરતંત્ર ચલ–વાંચન અર્થગ્રહણ ક્ષમતા

**૭.સંશોધન ઉપકરણ**

આ અભ્યાસમાં ધોરણ–૮ના વિદ્યાર્થીઓની સંસ્કૃત વાંચન અર્થગ્રહણ ક્ષમતા માપવા માટે સ્વ–રચિત વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટીની રચના કરવામાં આવી હતી.
આ કસોટીમાં –વિગત આધારિત પ્રશ્નો
–સંસ્કૃત પેરેગ્રાફનો મુખ્ય વિચાર
–શબ્દોના અર્થ
–બોધરૂપ વાકય
–શ્લોક પૂર્તિ વગેરે ઘટકો લેવામાં આવ્યા હતા. કસોટીમાં સંસ્કૃત ગદ્ય વિભાગમાંથી પેરેગ્રાફ લીધા. પદ્યવિભાગમાંથી પદ્યધારીત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપોની કસોટીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૮.સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓએ વાંચન અર્થગ્રહણની ક્ષમતા પર પ્રતિચારો મેળવવાના હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**૯.માહિતીનું એકત્રિકરણ**

**પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રિત કરવા માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓની પૂર્વ મંજૂરી લઈ ધોરણ–૮ના સંસ્કૃત વિદ્યાર્થીઓ પાસેથી વાચન અર્થગ્રહણ ક્ષમતા પર પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા. જે માહિતી પ્રાપ્તાંક સ્વરૂપે એકત્રિત કરવામાં આવી હતી.**

**૧૦.માહિતી પૃથક્કરણ અને અર્થઘટન**

**પ્રસ્તુત અભ્યાસમાં મળેલ પ્રાપ્તાંકોને** excel sheet **માં નાખી સમગ્ર સાંખ્યિકીની આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે ક્રમિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.**

**૧૧.અભ્યાસના તારણો**

**૧.વિદ્યાર્ણીઓ કરતાં વિદ્યાર્થીનીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતા વધુ જોવા મળે છે.**

**૨.ઉચ્ચ સિદ્ધિ ધરાવતા તમામ વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણ ક્ષમતા નિમ્ન સિદ્ધિ ધરાવતા તમામ વિદ્યાર્થીઓ કરતાં વધુ જોવા મળી.**

**૩.ઉચ્ચ સિદ્ધિ ધરાવતી વિદ્યાર્થીનીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા નિમ્ન સિદ્ધિ ધરાવતી વિદ્યાર્થીનીઓની ક્ષમતા કરતાં વધુ જોવા મળી.**

**સંદર્ભ સૂચિ**

**૧.ધોરણ–૧૧નું ''સંસ્કૃત પાઠયપુસ્તક' (૨૦૧૭) ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર**

**૨.દેસાઈ કે. જી. અને શાહ આર. પી. (૧૯૮૪) શૈક્ષણિક પરિભાષા અને વિભાવના, અમદાવાદ**

૩.Ariel, R., Dunlosky, J., and Bailey, H. (2009). Agenda-based regulation of study-time allocation: when agendas override item-based monitoring.J. Exp. Psychol. Gen.138, 432–447.doi: 10.1037/a0015928

૪. Azevedo, R., and Cromley, J. G. (2004). Does training on self-regulated learning facilitate students’ learning with hypermedia?J. Educ. Psychol.96, 523–535.doi: 10.1037/0022-0663.96.3.523